# ગુજરાત ક્વીઝ (8)

211 કયા ગુજરાતી ખગોળશાસ્ત્રીને અમેરીકન ખગોળ વિજ્ઞાન સંસ્થા 'નાસા'માં કામ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું? Ans: ડૉ. ઉપેન્દ્ર દેસાઇ

212 અમદાવાદમાં આવેલી જામા મસ્જિદ કોણે બંધાવી હતી ?

Ans: બાદશાહ અહમદશાહ

213 સોલંકી વંશના પ્રથમ શાસકનું નામ જણાવો.

Ans: મૂળરાજ સોલંકી

214 મહાત્મા ગાંધીજીને સત્યવ્રતધારક બનવા કયા નાટકે પ્રેરણા પૂરી પાડી હતી?

Ans: સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર

215 કયા શિવમંદિરમાં નરસિંહ મહેતાને 'રાસદર્શન' થયા હતા?

Ans: ગોપનાથ મહાદેવ (જૂનાગઢ)

216 ગુજરાતી સાહિત્યમાં 'માણભટ્ટ' કે 'ગાગરિયા ભટ્ટ' તરીકે કોણ ઓળખાય છે ?

Ans: પ્રેમાનંદ

217 ગોરખનાથની તપોભૂમિ તરીકે કયું સ્થળ પ્રખ્યાત છે ?

Ans: ધીણોધર ડુંગર

218 પંચમહાલ ભીલ સેવામંડળની સ્થાપના કોણે કરી?

Ans: ઠક્કરબાપા

219 દક્ષિણ ગુજરાતમાં શેરડીનું વાવેતર શરૂ કરાવનાર ગુજરાતી કોણ હતા?

Ans: દયારામ કુંવરજી પટેલ

220 'સાર્થ જોડણીકોશ'ના મુખ્ય સંપાદક કોણ હતા?

Ans: મગનભાઇ પ્રભુભાઇ દેસાઇ

221 તાપી નદી પર કયા બે બંધ બાંધવામાં આવ્યા છે?

Ans: કાકરપાર અને ઉકાઇ

222 કયું જાણીતું તીર્થસ્થળ અગાઉ ધનકપુરી તરીકે ઓળખાતું હતું?

Ans: ડાકોર

# ગુજરાત ક્વીઝ (8)

223 સૌરાષ્ટ્રના કયા ખેલાડીએ વર્ષ ૨૦૦૯માં રણજી ટ્રોફીની સળંગ બે મેચમાં બેવડી સદી ફટકારી હતી? Ans: ચેતેશ્વર પૂજારા

224 વિશ્વપ્રસિદ્ધ વલભી વિદ્યાપીઠની સ્થાપના કયા વંશ દરમ્યાન થઇ હતી?
Ans: મૈત્રક વંશ

225 દ્વારકાનું મંદિર કઇ નદીના કાંઠા ઉપર આવેલું છે ?
Ans: ગોમતી નદી

226 ગુજરાતમાં વર્નાકયુલર સોસાયટીની સ્થાપના કોણે કરી ?
Ans: એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ

227 કયા બિનગુજરાતી સાહિત્યકાર 'સવાઇ ગુજરાતી' તરીકે ગણના પામ્યા હતા?
Ans: કાકાસાહેબ કાલેલકર

228 નર્મદા નદીનું બીજું નામ શું છે ? Ans: રેવા

229 'મંગલ મંદિર ખોલો...' - ગીતકાવ્ય કોણે લખ્યું છે ?
Ans: નરસિંહરાવ દિવેટિયા

230 શ્રયંક મહાકાવ્ય તરીકે નવાજવામાં આવેલું 'શિશુપાલ વધ' કયા ગુજરાતી મહાકવિએ રચેલું છે?
Ans: મહા કવિ માઘ

231 ડાંગ જિલ્લામાં કયું પ્રસિદ્ધ ગિરીમથક આવેલું છે ?
Ans: સાપુતારા

232 'ભાષાને શું વળગે ભૂર' - એવું કોણે કહ્યું છે ?
Ans: જ્ઞાની કવિ અખો

233 કચ્છી મેવા તરીકે જાણીતું ફળ કયુ છે ?
Ans: ખારેક

234 ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્રે કાર્યરત સંસ્થા ઇસરોનું એક મથક ગુજરાતમાં કયાં આવેલું છે?
Ans: અમદાવાદ

235 મધર ડેરી ગુજરાતના કયા જિલ્લામાં આવેલી છે?
Ans: ગાંધીનગર

# ગુજરાત ક્વીઝ (8)

236 ‘સિંહને શસ્ત્ર શા ! વીરને મૃત્યુ શા !’ - આ પંકિત કયા કવિની છે ?

Ans: કવિ ન્હાનાલાલ

237 સરદાર સરોવર યોજનાનો શિલાન્યાસ કયારે અને કોણે કર્યો હતો?

Ans: ૧૯૬૧, પંડિત જવાહરલાલ નહેરુ

238 ગુજરાતની કઇ જાણીતી હોટલમાં પિત્તળના વાસણોનું સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યું છે?

Ans: વિશાલા હોટલ-અમદાવાદ

239 હાથબ કાચબા ઉછેર કેન્દ્ર કયા જિલ્લામાં આવેલું છે ?

Ans: ભાવનગર

240 ગુજરાત રાજયનાં સૌ પ્રથમ રાજયપાલ (૧૯૬૦માં) કોણ હતા?

Ans: મહેંદી નવાઝ જંગ